## સંક્ષિપ્ત સમાચાર



### તાપી જિલ્લા માહ્યાવંશી સમાજ દ્વારા નોટબુક વિતરણ

વ્યારા: તાપી જિલ્લા માહ્યાવંશી સમાજ દ્વારા તાપી જિલ્લામાં નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.31/05/2026 અને તા.15/06/2026ના રોજ સમાજના હોદ્દેદારો અને કાર્યકરોએ અલગ અલગ સ્થળે પહોંચી કુલ 273 જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કર્યું હતું.

### સરભોણ પિયત મંડળીની સાધારણ સભા મળી

બારડોલી: સરભોણ વિભાગ પિયત સહકારી મંડળી લિ.ની વાર્ષિક સાધારણ સાધારણ સભા હસમુખભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને ગ્રામ પંચાયત કાર્યાલય પાસે મળી હતી, જેમાં એજન્ડાનાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. આ સભામાં પ્રમુખ પરિક્ષિત દેસાઇ અને ઉપપ્રમુખ તૃષાર નાયકે સભાસદોને જરૂરી માહિતી પૂરી પાડી હતી. તેમણે જણાવ્યું હતું કે, મંડળીની રચના બાદ સરકાર તથા સિંચાઇ વિભાગના નહેર સુધારણા કામો થયા છે. આથી છેવાડાના ખેડૂતોને પડતી મુશ્કેલીનો અંત આવ્યો છે. તેમણે નિયમ મુજબ રિબેટનો લાભ લેવા પણ વિનંતી કરી હતી. તેમણે આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે, મંડળીની આવકનો મુખ્ય આધાર પિયાવા આવક પર છે. પિયાવો સમયસર ભરવા તમામ સભાસદોને અપીલ કરી હતી.

### રાજપીપળામાં કારમાંથી દારૂ ઝડપાયો

રાજપીપળા: રાજપીપળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શર્મા કોમ્પ્લેક્સ પાસે પેટ્રોલિંગ દરમિયાન પોલીસે સ્કોર્પિયો ગાડી નં.(GJ 16 AJ 6455) સાથે ૨૬ વર્ષીય સૂરજભાઈ તડવી (રહે.,ભીલવસી, તા.ગરુડેશ્વર)ને ઝડપી પાડ્યો હતો. ગાડીમાંથી ઇંગ્લિશ દારૂનો મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી રૂ.૨૫,૦૦૦ની ૧૦૦ નંગ દારૂની બોટલો, રૂ.૩ લાખની સ્કોર્પિયો ગાડી અને રૂ.૩૦,૦૦૦નો એક આઇફોન ૧૪ પ્લસ મળી કુલ રૂ.૩,૫૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસ આદરી છે.

### ઉકા તરસાડિયા કોલેજને એવોર્ડ

બારડોલી: ઉકા તરસાડિયા યુનિવર્સિટી સંલગ્ન બારડોલીની માલીબા ફાર્મસી કોલેજને રાષ્ટ્રીય સ્તરે મોટી સફળતા મળી છે. ફાર્માસ્યુટિક્સ વિષયના સંશોધક ડો.વૃષ્ટિ કંસારાને તેમનાં પીએચ.ડી. સંશોધન કાર્ય બદલ પ્રતિષ્ઠિત "રજનીભાઈ વી. પટેલ ફાર્માઈનોવા એવોર્ડ ફોર બેસ્ટ થિસીસ ઇન પી.એચડી" માટે પસંદ કરવામાં આવ્યા છે. અમદાવાદની ટ્રોઈકા ફાર્માસ્યુટિક્સ લિમિટેડ દ્વારા એનાયત થતા આ એવોર્ડ માટે ડો.વૃષ્ટિ કંસારા અને તેમનાં સંશોધન માર્ગદર્શક ડો.મિતાલી પટેલની પસંદગી થઈ છે. ડો.વૃષ્ટિએ ગ્રાફિન ક્વોન્ટમ ડોટ્સના ઉપયોગથી કેન્સરની અદ્યતન દવા અને નિદાન ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સંશોધન કર્યું છે. આ સિદ્ધિ બદલ ડો.વૃષ્ટિ કંસારાને રૂ.૩ લાખ અને ડો.મિતાલી પટેલને રૂ.૧.૫ લાખની પ્રાઇસ મનીથી સન્માનિત કરવામાં આવશે.

### ખોલવડમાં જુગાર રમતા સાત પકડાયા

કામરેજ: કામરેજના ખોલવડમાં જીમખાના ક્રિકેટ ગ્રાઉન્ડની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીપાના પર હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી કામરેજ પોલીસને મળતા પોલીસ સ્ટાફ સાથે રેડ કરતાં જુગાર રમતા રાકેશ ઢોડીયા (ઉં.વ.50,રહે.201,આર.કે.કોલોની,ખોલવડ), મયંક ઢોડીયા (ઉં.વ.35,રહે.આર.કે.કોલોની,ખોલવડ), ઉકા વસાવા (ઉં.વ.56,આર.કે.કોલોની, ખોલવડ),ભરત ઢોડીયા (ઉં.વ.36,આર.કે.કોલોની,ખોલવડ), જગદીશ રાઠોડ (ઉં.વ.36,આર.કે.કોલોની,ખોલવડ), નિલેશ રાજુ રાઠોડ (ઉં.વ.28,વસાવા ફળિયું, લીંડીયાત, તા.માંગરોળ), સેહુલ અરવિંદ ઢોડીયા (ઉં.વ.42,રહે.આર.કે.કોલોની,ખોલવડ)ને પકડી પાડી દાવ પરના રોકડા રૂ.4570, અંગજડતી કરતાં રોકડા રૂ.5730 મળી કુલ્લે રૂ.10,300નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. જે અંગે કામરેજ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

### તાતીથૈયામાં યુવાને ફાંસો ખાધો

પલસાણા: મૂળ ઉત્તર પ્રદેશના કાનપુરના વતની અને હાલ પલસાણાના તાતીથૈયાની સાઈરામ સોસાયટીમાં ભાડે રહેતા ૨૧ વર્ષીય શિવમ નીરજકુમાર યાદવે ગત તા.૧૪/૬/૨૦૨૬ના રોજ બપોરે પોતાના રૂમમાં અગમ્ય કારણોસર સીલિંગ પંખા સાથે ગમછો બાંધી ફાંસો ખાતાં મોત નીપજ્યું હતું.

### અંત્રોલીમાં યુવતી રહસ્યમય સંજોગોમાં ગુમ

પલસાણા: અંત્રોલીની સાલાસર રેસિડન્સીમાં રહેતી ૨૨ વર્ષીય ડિમ્પલ શંકરલાલ નાગદા ગત ૧૩ જૂને રાત્રે કોઈને કહ્યા વગર રહસ્યમય સંજોગોમાં ઘરેથી ક્યાંક ચાલી ગઈ છે. મૂળ રાજસ્થાનના ઉદયપુરના વતની અને હાલ અહીં રહેતા પરિવારે દીકરીની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતાં આખરે કડોદરા જીઆઈડીસી પોલીસે ફરિયાદ કરતાં પોલીસે ગુમ જાણવા જોગ નોંધી તપાસ આદરી છે.

### મોટા બોરસરા પાસે વાહન અડફેટે આધેડનું મોત

હથોડા: કીમ રોડ પર મોટા બોરસરા નજીક રોડ ક્રોસ કરી રહેલા 45 વર્ષના આધેડને પૂરઝડપે આવેલા વાહને અડફેટે લેતાં સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં મોડી સાંજે સારવાર દરમિયાન આધેડનું મોત થયું હતું.

### પીપોદરામાં નહેરમાંથી યુવાનની લાશ મળી

હથોડા: પીપોદરા જીઆઇડીસીમાં પ્રકાશ સિનેમા ગજેરા કોમ્પ્લેક્સ નજીકથી પસાર થતી પીપોદરા માઈનોર નહેરના પાણીમાં 35થી 40 વર્ષના અજાણ્યા યુવાનની લાશ મળી આવી હતી. પાલોદ પોલીસે લાશનો કબજો લઈ તપાસ હાથ ધરી છે.

### નવી શિયાલજમાં અકસ્માતમાં એકનું મોત

હથોડા: નવી શિયાલજમાંથી પસાર થતા ને.હા.નં.48 પર રોડ ક્રોસ કરતા 40 વર્ષના અજાણ્યા યુવાનને અજાણ્યા વાહને ટક્કર મારતાં મોત થયું હતું. આ મામલે પાલોદ પોલીસ મથકના પી.એસ.આઇ. એસ.ડી.ગોવાળિયાએ તપાસ હાથ ધરી છે.

### નવાવાડિયા ગામે ખેતરે જવા મુદ્દે બબાલ

ભરૂચ: આમોદના નવાવાડિયા ગામે રહેતાં 73 વર્ષીય લલીતાબેન જયંતીભાઈ વસાવાનાં પતિનું ચાર મહિના પહેલાં અવસાન થયું હતું. તેઓ બે પુત્રો સાથે રહે છે. તેમની વડીલોપાર્જિત જમીન ખાતા નંબર-137, સર્વે નંબર-203, 218 અને 233 પર આવેલી છે. તા.11 જૂનનાં રોજ સવારે તેઓ પોતાની પુત્રવધુ જ્યોત્સનાબેન અને હંસાબેન સાથે ખેતીકામ માટે જમીન પર જઈ રહ્યાં હતાં. રસ્તામાં તેમના કુટુંબી દિયરો કાંતિભાઈ ગોરધનભાઈ વસાવા, સુરેશભાઈ ગોરધનભાઈ વસાવા તેમજ કુટુંબી ભત્રીજા વિષ્ણુભાઈ રતિલાલ વસાવા અને ઘનશ્યામભાઈ કાંતિભાઈ વસાવાએ તેમને અટકાવીને કહ્યું કે, "તમારે આ ખેતરમાં આવવું નહીં, આ ખેતર અમારું છે." કહી અપશબ્દો કહ્યા હતા. ધમકીથી ગભરાઈને બંને મહિલાઓ ઘરે પરત ફર્યાં હતાં. આ ઘટનાની ફરિયાદના આધારે આમોદ પોલીસે ચારેય સામે હત્યાની ધમકી આપવાનો ગુનો નોંધ્યો છે.

### વ્યારા, ઉચ્છલ, નિઝરમાં સ્વચ્છતા અભિયાન



કુકરમુંડા: તાપી જિલ્લામાં સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત વ્યારાના ખોળતળાવ ગામે સાફસફાઈ કરવામાં આવી હતી. આ જ રીતે નિઝરના લક્ષ્મીખેડા ગામે પાણીની ટાંકીની આસપાસ તેમજ મુખ્ય રસ્તાઓની બંને બાજુએ, તો ઉચ્છલના જામકી ગામે દૂધની ડેરીની આજુબાજુના પરિસરને સ્વચ્છ અને સુંદર બનાવવામાં આવ્યું હતું.

# તાજપોર બુજરંગ ગામે માટી ચોરી ઉપસરપંચ સહિત છ સામે ફરિયાદ

**ખાડી** સફાઈની કામગીરી હોવાનું કહીને ગેરમાર્ગ દોરવાનો પ્રયાસ



બારડોલી: બારડોલીના તાજપોર બુજરંગમાં સરકારી જમીનમાંથી કોઈપણ જાતની પરવાનગી વગર મોટા પાયે સાદી માટીનું ગેરકાયદે ખનન અને વહન કરવાનો ભાંડાફોડ થયો છે. આ મામલે સુરત ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીના માઈન્સ સુપરવાઈઝર ઘનશ્યામ કાળુભાઈ વાઘાણીએ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસે તાજપોર બુજરંગ ગામના ઉપસરપંચ સહિત કુલ ૬ ઈસમ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ગ્રામજનો અને અરજદારો દ્વારા અગાઉ કરવામાં આવેલી રજૂઆતોને પગલે ખનીજ વિભાગની ટીમ દ્વારા તાજપોર બુજરંગ ગામના બ્લોક નં.૧૭૨ પૈકી ૧ વાળી સરકારી જમીન પર તપાસ કરવામાં આવી હતી. શરૂઆતમાં આ કામગીરી સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ખાડી સફાઈની કામગીરી હોવાનું કહી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાયો હતો. જો કે, ડ્રેનેજ વિભાગના અહેવાલ અને ગુગલ મેપના નકશાઓની ચકાસણી કરતા સ્પષ્ટ થયું હતું કે તે સ્થળે કોઈ સત્તાવાર કામગીરી થઈ જ નહોતી અને આ ખનન સંપૂર્ણપણે બિન-અધિકૃત હતું. માપણી દરમિયાન સામે આવ્યું કે, આરોપીઓએ પરસ્પર મેળાપીપણું રચીને સરકારની મંજૂરી વગર કુલ ૩૬,૫૮૨.૨૧ મેટ્રિક ટન સાદી માટીની ચોરી કરી હતી. આ ગેરકાયદે પ્રવૃત્તિથી સરકારને આશરે રૂ.૬૪,૦૧,૮૮૭ની ખનીજ ચોરીનું નુકસાન થયું છે અને સાથે જ પર્યાવરણને આશરે રૂ.૨૬,૨૪,૭૭૪નું મોટું નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ કૌભાંડમાં પોલીસે તાજપોર બુજરંગના ઉપસરપંચ રાહુલભાઈ મંગુભાઈ કોકણી, હોરાઈઝન કન્સ્ટ્રક્શન (મણિભદ્ર એપાર્ટમેન્ટ, શાસ્ત્રી રોડ બારડોલી), નવસારીની એમ.એમ.ઈન્ફ્રા બિલ્ડકોનના ભાગીદારો કુનાલ અરવિંદભાઈ ઓડ અને ભાવેશકુમાર અશોકભાઈ ઓડ (બંને રહે., ગ્રીડ રોડ, નવસારી, તેમજ જિજ્ઞેશભાઈ કાંતિભાઈ આહીર (રહે., સમથાણ, તા.બારડોલી) અને તપાસમાં ખૂલે તે તમામ સામે કાયદેસરની ફરિયાદ નોંધી છે. ખનીજ વિભાગ દ્વારા આરોપીઓ પાસેથી દંડ અને પર્યાવરણીય વળતર પેટેની રકમ વસૂલવા માટે વસૂલાત હુકમ પણ જારી કરવામાં આવ્યા છે. હાલમાં બારડોલી રૂરલ પોલીસનાં મહિલા સબ ઈન્સ્પેક્ટર નીલમબેન ઢોડિયાએ આ સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે.



## હથોડા-વેલાછા માર્ગનું કામ પુનઃ શરૂ: ચોમાસા પહેલાં લોકોને મોટી રાહત

હથોડા: મોટા બોરસરા, મોટી નરોલી, હથોડાથી વેલાછા કે જે માંગરોળના માર્ગને જોડતા મુખ્ય માર્ગના નવીનીકરણ માટે ધારાસભ્ય ગણપત વસાવાએ ૮.૩૨ કરોડ મંજૂર કરાવ્યા હતા. જો કે, કોન્ટ્રાક્ટરે આઠ મહિના પહેલાં કામ શરૂ કર્યા બાદ અધવચ્ચે જ બંધ કરી દેતાં ચોમાસા પૂર્વે સ્થાનિકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો. આ સમસ્યા અંગે હથોડાના ભાજપ અગ્રણી હુસેન આરીફે વિદેશથી જ ધારાસભ્ય ગણપત વસાવાને ફોન પર રજૂઆત કરી હતી. ધારાસભ્યએ તાકીદે એક્શન લઈ કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપતાં આખરે અધૂરું કામ યુદ્ધના ધોરણે ફરી શરૂ કરાયું છે. ચોમાસા પહેલાં રસ્તાનું કામ વેગવંતું બનતાં વાહનચાલકો અને સ્થાનિક જનતાએ રાહતનો શ્વાસ લીધો છે.

## સરભોણની પરિણીતાનું બાળકના જન્મ બાદ ખેંચ આવતાં મોત

**અચાનક** તબિયત લથડતાં સુરતની હોસ્પિટલ ખસેડાઇ, પણ જીવ ન બચ્યો

બારડોલી: સરભોણમાં રહેતી ૨૪ વર્ષીય સગર્ભા મહિલાનું બાળકના જન્મ આપ્યા બાદ અચાનક તબિયત લથડતાં અને ખેંચ આવતાં સુરતની સ્મીમેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. આ અંગે બારડોલી રૂરલ પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

બારડોલીના સરભોણ ગામના સોની ફળિયામાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા જિજ્ઞેશકુમાર શાંતિલાલ ટંડેલનાં પત્ની હેમલતાબેન (ઉં.વ.૨૪) ગર્ભવતી હતાં. ગત તા.૧૩/૬/૨૦૨૬ના રોજ તેમને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડતાં તાત્કાલિક સારવાર અર્થે બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યાં ડોક્ટરો દ્વારા સિઝેરિયન ઓપરેશન કરવામાં આવતાં હેમલતાબેને એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો. બાળકના જન્મ બાદ હોસ્પિટલમાં ખુશીનો માહોલ હતો, પરંતુ આ ખુશી લાંબો સમય ટકી શકી નહોતી. ઓપરેશન બાદ અચાનક હેમલતાબેનની તબિયત બગડી હતી અને તેમને ખેંચ આવવાની શરૂ થઈ ગઈ હતી. પરિસ્થિતિ ગંભીર જણાતાં તેમને વધુ સારવાર માટે તાત્કાલિક સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. જો કે, તમામ પ્રયાસો છતાં હેમલતાબેનની સ્થિતિમાં સુધારો થયો નહોતો અને ગત તા.૧૪/૬/૨૦૨૬ના રોજ સવારે ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. નવજાત બાળકે માતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. આ બનાવ અંગે મૃતકના પતિ જિજ્ઞેશકુમાર ટંડેલે હોસ્પિટલ રૂબરૂ પોલીસને જાણ કરતાં બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ મામલે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન.જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## પલસાણાની કંપનીમાં લોખંડની પ્લેટ માથા પર પડતાં શ્રમિકનું મોત

પલસાણા: કારેલીની કંપનીમાં લોખંડની પ્લેટ અને યાન બોક્સ માથે પડતાં એક ૩૦ વર્ષીય યુવાન શ્રમિકનું મોત નીપજ્યું હતું. પલસાણાના કારેલી ગામની સીમમાં આવેલી 'કેજરીવાલ જીઓ ટેક પ્રા. લિ.' કંપનીમાં ૧૪ જૂનના રોજ કંપનીના ડિસ્પેચ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા ૩૦ વર્ષીય શ્રમિક સુશાંતકુમાર સંજયકુમાર શાહી (મૂળ બિહાર, હાલ કડોદરા) જ્યારે યાન બોક્સ પર માર્કિંગ કરી રહ્યા હતા, ત્યારે અચાનક રેકમાંથી લોખંડની ભારેભરખમ પ્લેટ અને યાન બોક્સ તેમના પર ખાબક્યા હતા. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમને તાત્કાલિક ક્રિષ્ના હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પલસાણા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## ટીમ્બરવા ગામમાં મરઘાંનો શિકારી દીપડો પાંજરે પુરાયો

બારડોલી: બારડોલીના ટીમ્બરવા ગામના ફાટક ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાનો ભારે આતંક હતો. દીપડો અવારનવાર આવીને મરઘાનો શિકાર કરતો હોવાથી વન વિભાગે પાંજરું ગોઠવ્યું હતું, પરંતુ ચાલાક દીપડો હાથ આવતો નહોતો. અશ્વિનભાઈ ચૌધરીના વાડામાંથી સતત મરઘાં ગાયબ થતાં તેમના જમાઈ સંદીપે ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડનું માર્ગદર્શન લીધું હતું. તેમના માર્ગદર્શન હેઠળ વન વિભાગે ચોક્કસ સ્થળે પાંજરું ગોઠવતાં મોડી રાત્રે ૧:૩૦ વાગ્યે મરઘાની લાલચે દીપડો આબાદ ઝડપાઈ ગયો હતો. જાણ થતાં જ વન વિભાગની ટીમ આધુનિક હાઈડ્રોલિક રેસ્ક્યુ વાહન સાથે દોડી આવી હતી અને માત્ર એક જ વ્યક્તિએ હાઈડ્રોલિક સિસ્ટમથી ભારે પાંજરું વાહનમાં ચઢાવી દીધું હતું. દીપડાને તેન વનીકરણ રેંજ ઓફિસ લવાયો છે, જેને ટૂંક સમયમાં સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરાશે. દીપડો પકડાતાં ગ્રામજનોએ રાહત અનુભવી છે.

## ભાગીદારી દસ્તાવેજ પર સહી કરવા બાબતે પાર્ટનરો વચ્ચે મારામારી

**કામરેજની** ઘટના, હુમલાખોરોએ ભાગીદારના પિતાને પણ ફટકાર્યા

**ચારેય** ભાગીદારો જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા

કામરેજ: કામરેજ ચાર રસ્તા નજીક આવેલી ગજાનંદ સોસાયટીમાં કંપનીના દસ્તાવેજ પર સહી કરવા બાબતે ચાર ભાગીદારોએ એક પાર્ટનરના ઘરે જઈ હુમલો કર્યો હતો. આ અંગે ભોગ બનનારે ચારેય હુમલાખોરો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. મૂળ રાજકોટના અને હાલ કામરેજની ગજાનંદ સોસાયટીમાં રહેતા અલ્કેશ સુભાષભાઈ અગોલા બારડોલીના તરભોણ ગામની 'નેક્ષોઈસ પેપર કંપની'માં પાર્ટનર છે. કંપનીના અન્ય ભાગીદારોએ મોકલેલા ન્યૂ પાર્ટનરશીપ એબેટમેન્ટ (નિર્ણય લેવાના અધિકાર વગરનું લખાણ) પર અલ્કેશે સહી કરવાનો ઈનકાર કર્યો હતો. ફોન અને મેસેજ પર ના પાડવા છતાં વિવાદ વકર્યો હતો અને અલ્કેશના પિતા સાથે પણ ફોન પર ગાળાગાળી થઈ હતી.

શનિવારે રાત્રે નવસારીના ચાર ભાગીદારો રાજુ લીખીયા, આદર્શ દોરી, કિરીટ કડીવાર અને જય લીખીયા અલ્કેશના ઘરે ધસી આવ્યા હતા. સહી કરવાની ના પાડતાં જ તેઓએ ઝઘડો શરૂ કર્યો હતો. હુમલાખોરોએ અલ્કેશના પિતાનું ગળું દબાવવાનો પ્રયાસ કરી હાથ પર પંચ માર્યો હતો અને ધક્કો મારી પાડી દીધા હતા. સોસાયટીના લોકો એકઠા થઈ જતાં ચારેય ભાગીદારો જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ૩ વર્ષથી ફરાર આરોપી ઓલપાડના દેલાડથી ઝડપાયો



સાયણ: સાયણમાં વર્ષ-૨૦૨૩માં મિત્ર સાથે ગુનો કરનાર જેલમાં જાય એ બાબતે થયેલી બોલાચાલીમાં, ઉત્તરપ્રદેશના શ્રમિક મોહિત છોટેલાલ નિશાદ (ઉં.વ.૨૩) એ સર્વેશકુમાર કલ્લુપ્રસાદ કેવટને ચપ્પુ મારી દીધું હતું. ડાબા કાન, ખભા અને છાતીના ભાગે ઈજા પહોંચાડી આરોપી ફરાર થઈ ગયો હતો. આ અંગે ઓલપાડ પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ તે છેલ્લાં ત્રણ વર્ષથી નાસતો-ફરતો હતો. ગત તા.૧૪ના રોજ સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે આરોપી દેલાડ ચાર રસ્તા પાસે ઊભો છે. પોલીસે ત્વરિત છાપો મારી આરોપી મોહિતને દબોચી લીધો હતો.

## ચેક રિટર્ન કેસમાં કામરેજના વેપારીને એક વર્ષની કેદ

કામરેજ: વિદેશ મોકલવાના ધંધા માટે લીધેલી રૂ.50 લાખની ઉછીની રકમમાંથી રૂ.25 લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં કઠોર કોર્ટના જજે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે ફરિયાદની તારીખથી વાર્ષિક 6 ટકાના સાદા વ્યાજ સાથે બે મહિનામાં વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે, જેમાં નિષ્ફળ જશે તો વધુ છ મહિનાની કેદની સજા ભોગવવી પડશે.

કામરેજ ચાર રસ્તા ખાતે આવેલી અવંતિકાપુરી સોસાયટીમાં રહેતા નિલેશ દિનેશ માકડીયાની મુલાકાત જીમમાં વેલંજાના અક્ષય ડાહ્યાભાઈ પટેલ સાથે થઈ હતી. અક્ષય 'પાસપોર્ટ સ્ટોરીસ ટૂર્સ' નામે વિઝાનું કામ કરતો હોઈ, તેને ધંધામાં રૂપિયાની જરૂર પડતાં નિલેશ પાસે રૂ.50 લાખ માંગ્યા હતા. નિલેશે પોતાના મિત્રો આમીર માલ,સલમાન માલ અને ઝુબેર શેખ પાસેથી રૂ.30 લાખ અને પોતાની બચતના રૂ.20 લાખ મળી કુલ રૂ.50 લાખ ગત તા.1-10-22ના રોજ અક્ષયને રોકડા આપ્યા હતા. અક્ષયે રૂ.25 લાખના બે હપ્તામાં નાણાં પરત આપવા માટે બાંયધરી ખત લખી આપી એક્સિસ બેંકના બે ચેક આપ્યા હતા. પ્રથમ હપ્તાની રકમ માટે અક્ષયે સમય માંગ્યા બાદ ગત તા.15-7-24નો ચેક બેંકમાં જમા કરાવતાં 'અપૂરતા બેલેન્સ'ના કારણે તે રિટર્ન થયો હતો. નાણાં પરત ન મળતાં અને નોટિસનો જવાબ ન આપતાં નિલેશે વકીલ અમીષ ઠક્કર અને અલ્પેશ એમ. પરમાર મારફતે કઠોરની કોર્ટમાં નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ કેસ દાખલ કર્યો હતો. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સ્વપ્નિલ કે.ફટાણીયાની કોર્ટે વકીલોની ધારદાર રજૂઆતો ગ્રાહ્ય રાખી અક્ષય પટેલને દોષિત ઠેરવી આ કડક સજા સંભળાવી હતી.

## સોનગઢમાં યુવક કિશોરીને ભગાડી ગયો

સોનગઢ: સોનગઢના જમાદાર ફળિયામાં રહેતા આર્યન ઉર્ફે લાલુ પ્રતાપ ચૌધરી ૧૪ વર્ષની કિશોરીને પ્રેમજાળમાં ફસાવી ભગાડી ગયો હતો. દીકરી ઘરે ન મળતાં ચિંતાતુર પરિવારે આખરે સોનગઢ પોલીસે આર્યન વિરુદ્ધ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

## બારડોલીમાં રક્તદાન શિબિર યોજાશે

બારડોલી: બારડોલીના ભક્તરાજ જલારામ પ્રાર્થના સમાજ દ્વારા તા.18-6-2026 ને ગુરુવારે સાંજે 4.30 કલાકે જલારામ મંદિર હૉલ ખાતે સરદાર સ્મારક હોસ્પિટલના સહયોગથી રક્તદાન શિબિર યોજાશે, જેમાં રક્તદાતાઓને પ્રફુલભાઈ પટેલ તરફથી 5 લિટર પેટ્રોલ, 1 લિટર એન્જિન ઓઈલ, ટિફિન બોક્સ, વોટર બોટલ સહિતની વસ્તુ ભેટ સ્વરૂપે આપવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### જૂના ગંગથાનાં ઐતિહાસિક સ્થળોએ અનિચ્છનીય પ્રવૃત્તિઓ અંગે રજૂઆત



કુકરમુંડા: કુકરમુંડાના ગંગથાના ગ્રામજનોએ જૂના ગંગથા ગામ (જૂની વસતી) વિસ્તારમાં અનિચ્છનીય પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી કુકરમુંડા મામલતદાર તથા પોલીસ સ્ટેશનને લેખિત અરજી આપી કાર્યવાહીની માંગ કરી છે. ગ્રામજનોએ અરજીમાં જણાવ્યું છે કે ગામના ઐતિહાસિક સ્થળોએ પર્યટકોનું આગમન થતું રહે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી પર્યટનના નામે પ્રેમી જોડીઓ અને અન્ય અનિચ્છનીય તત્ત્વોની અવરજવર વધી રહી છે. ખાસ કરીને સાંજ અને રાત્રિના સમયે કેટલીક શંકાસ્પદ પ્રવૃત્તિઓ થતી હોવાનું જણાવ્યું છે. ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના, આત્મહત્યા કે અન્ય ગંભીર બનાવ બનવાની સંભાવનાને લઈને લોકોમાં ચિંતા વ્યાપી છે. આ મુદ્દે યોગ્ય દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની માંગ કરવામાં આવી છે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો ઉપરી અધિકારીઓ સમક્ષ પણ રજૂઆત કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

### છ મહિનાથી ફરાર નવાઝ શરીફ ખેરગામથી ઝડપાયો



ભરૂચ: ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસે પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા છ મહિનાથી વોન્ટેડ આરોપી નવાઝ શરીફ મુબારકભાઇ શેખને નવસારીના ખેરગામ મેઇન બજાર ચાર રસ્તા પાસેથી ઝડપી પાડ્યો હતો. ભરૂચ પોલીસની સર્વેલન્સ ટીમે હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે આ સફળ રેડ કરી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વાલોડ તાલુકા પંચાયતમાં કચેરીમાં ગંદકીનું સામ્રાજ્ય: અરજદારો પરેશાન



વાલોડ: વાલોડ તાલુકા પંચાયત કચેરી અવારનવાર વિવાદોમાં રહે છે. હાલમાં કચેરીનું શૌચાલય અત્યંત બિસમાર હાલતમાં છે. અહીં યુરીન ટબ અને નળ તૂટી ગયા હોવાથી ચોવીસ કલાક પાણીનો બગાડ થાય છે અને ભારે ગંદકી ફેલાય છે. એકતરફ દેશમાં સ્વચ્છતા અભિયાન ચાલે છે, ત્યારે બીજી તરફ એસી ચેમ્બરમાં બેસતા તાલુકા પ્રમુખ, ઉપપ્રમુખ કે ટીડીઓને આ ગંદકી દૂર કરાવવાની ફૂરસદ નથી. કચેરીએ આવતા અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડે છે. આ મામલે ઉચ્ચ અધિકારીઓ તાકીદે તપાસ કરી સમસ્યાનો ઉકેલ લાવે તેવી લોક માંગ ઊઠી છે.

### ચાવજ ગામમાંથી સગીરાનું ફરી અપહરણ

ભરૂચ: ભરૂચના ચાવજ ગામમાંથી ૧૫ વર્ષીય સગીરાને મોટરસાઇકલ પર ભગાડી જવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. દાહોદનો આરોપી શિવા અમલીયાર દોઢ મહિનામાં બીજીવાર આ સગીરાનું અપહરણ કરી ગયો છે. અગાઉ સામાજિક આબરૂના લીધે પિતાએ ફરિયાદ નહોતી કરી. હાલમાં પીડિત પિતાની ફરિયાદના આધારે ભરૂચ સી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

### ઉચ્છલના પાંખરી પાસે ભેંસો ભરેલી ટ્રક સાથે બે ઝડપાયા

વ્યારા: સુરત-ધુલિયા નેશનલ હાઈવે પર ઉચ્છલના પાંખરી પાસે પોલીસે ગેરકાયદે પશુ વહન કરતી ટ્રક નં.(GJ 08 AW 6990) ઝડપી પાડી છે. કોઈપણ મંજૂરી વિના ખીચોખીચ 17 ભેંસ ભરીને જતા ચાલક અલ્ફાઝ વાઘેલા અને ક્લીનર રીઝવાન મલેકની ધરપકડ કરાઈ છે. પોલીસે 17 ભેંસ, ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂ.10.65 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે અન્ય 6 આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

### ધામડોદ લુંભાના રંગ અવધૂત મંદિરે કાર્યક્રમ



બારડોલી: બારડોલીના ધામડોદ લુંભામાં સુપ્રસિદ્ધ રંગ અવધૂત મંદિરે સોમવતી અમાસના પવિત્ર દિવસે ધાર્મિક મહોત્સવનું સુંદર આયોજન કરાયું હતું. આ ધાર્મિક પ્રસંગે સમગ્ર પંથકમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઊમટી પડ્યા હતા, જેના કારણે મંદિર પરિસર ભક્તિમય માહોલમાં ગરકાવ થઈ ગયું હતું. આ પ્રસંગે મહાપ્રસાદી પણ યોજાઈ હતી.